# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૩ | ઓગસ્ટ થી ડિસેમ્બર -૨૦૧૦ | ✲ વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- | ✲ છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૨૨ થી ૨૬



✲ તંત્રીશ્રી :

પ્રિ. ડૉ. વિમલ જોષી

✲ મદદનીશ તંત્રીશ્રી :

શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

✲ સહ તંત્રીશ્રીઓ :

ડૉ. જી. સી. કાછીઆ (આમંત્રિત)

પ્રા. વિજય પટેલ

પ્રા. કે. આર. વણકર

પ્રા. ઉમેશભાઈ એન. પટેલ

પ્રા. એ. વી. પંડ્યા

પ્રા. બી.ડી.જોષી

✲ વિદ્યાર્થી સંપાદકો :

સોલંકી ઈન્દિરાબેન

પટેલ સોનમ

રાણા મમતા

મનસુરી નિલોફર

શર્મા કિરણ વી.

સુથાર શ્રધ્ધા



✲ પ્રકાશક :

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં. : ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :

www.petladcollege.com


## તંત્રીશ્રીની કલમે....

## "વ્યસનમુક્તિ"

વ્યસનનો સામાન્ય અર્થ થાય છે કુટેવ.વ્યસન એટલે બરબાદી, વ્યસન એટલે અધઃપતન. વ્યસનથી થતી બરબાદીને વર્ણવવા માટે કોઈ શબ્દ નથી. વ્યસનથી થતા નુકસાનની ગણતરી કરવી મુશ્કેલ છે. આ બતાવે છે કે વ્યસન કેટલું દુષ્કર છે. વ્યસનની અસરો વ્યક્તિના જીવન પરજ થતી નથી, પરંતુ એના સમગ્ર કુટુંબ પર થતી હોય છે.

આજકાલ ચા, કોફી, પાન-મસાલા, બીડી, સિગારેટ, પડીકી, તમાકુ, ચલમ વગેરે વ્યસનો તો સર્વ જણાય છે. પરંતુ કેટલાક કમનસીબ વ્યક્તિઓ એથીએ વધારે વ્યસનો ભોગ બને છે. મદ્યપાન, જુગાર, ચરસ, ગાંજા. જેવાં સૌથી વધુ ખતરનાક વ્યસનો માનવીના તન, મન અને ધનનો નાશ કરે છે. આ વ્યસનો માનવીને ઊંડી ખાઈ તરફ ધકેલે છે. એકલા તમાકુથી વર્ષે ૩૦ લાખથી વધારે લોકો મૃત્યુ પામે છે. એટલે દર સેંકન્ડે એક માણસનું મૃત્યુ તમાકુથી થાય છે. તમાકુથી મરનાર લોકોમાં અડધાથી વધુ લોકો કિશોર અને યુવાનો હોય છે. એટલે જ વિશ્વ આરોગ્ય સંસ્થાએ તમાકુ વિરુધ્ધ મોટું યુધ્ધ છેડ્યું છે. એ કહેતાં દુઃખ થાય છે કે આજે દેશનો યુવાવર્ગ સૌથી વધુ વ્યસનો બોગ બન્યો છે.

કોઈપણ પ્રકારનું વ્યસન માનવી માટે હાનિકારક હોય છે. દારૂનું વ્યસન તો ગમે તેવા શક્તિશાળી માનવીનું અધઃપતન કરે છે. મદ્યપાનથી માનવીની વિચારશક્તિ મંદ પડે છે અને વિવેકબુધ્ધિ નષ્ટ થઈ જાય છે. પરિણામે દારૂના વ્યસનીનું શારીરિક, માનસિક, કૌટુંબિક તેમજ આર્થિક અધઃપતન થાય છે માટે તો કહેવાયું છે કે, "દારૂડિયો દારૂને નહિ, પણ દારૂ જ દારૂડિયાને પી જાય છે."

જુગારનું વ્યસન પણ એવું જ વિનાશક છે. વગર મહેનતે પૈસાદાર બનવાના મોહથી અંધ બનેલો જુગારી સારા-નરસાનો વિચાર છોડી ગમે તેટલી મોટી રકમ હોડમાં મૂકે છે. પણ જ્યારે તે હારી જાય છે ત્યારે તેની બેહાલીનો પાર રહેતો નથી. 'મહાભારત' ની કથામાં કૌરવો-પાંડવો વચ્ચે તેમજ 'આખ્યાન'ની કથામાં નળ અને પુષ્કર વચ્ચે રમાયેલા જુગારનાં અનિષ્ટો, પરિણામોથી આપણે સૌ વાકેફ છીએ જ.

આજના વિકસિત યુગમાં લોકોની જીવન પ્રવૃત્તિઓમાં જેમ સુધારણા અને સગવડોનો વ્યાપ વધતો ગયો તેમ તેમના વિલાસી જીવનમાં વ્યસનોની વ્યાપકતા પણ વધતી જાય છે. આજે દુનિયાના વિકસિત દેશોમાં ચરસ, ગાંજો, બ્રાઉન સુગર જેવાં વ્યસનો ખૂબ પ્રસર્યાં છે. આ વ્યસનોથી માનવ જીવનમાં સામાજિક મૂલ્યો ઘટતાં જાય છે અને માનવીનું નૈતિક અધઃપતન થાય છે.

ઘણા લોકો શરૂઆતમાં માત્ર શોખ ખાતર ધ્રુમપાન કરે છે, પણ સમય જતાં એ શોખનું વ્યસનમાં રૂપાંતર થતું જાય છે. સતત ધ્રૂમપાનથી માનવી ક્ષય અને કેન્સર જેવાં જીવલેણ રોગોનો ભોગ બની અકાળે મૃત્યુને નિમંત્રણ આપે છે.

વ્યસન માત્ર માનવીનો મોટો શત્રુ છે. એનાથી માનવી બૂરી ટેવોનો ગુલામ બને છે. વ્યસનથી પૈસાનો દુર્વ્યય થાય છે અને શારીરિક શક્તિ ક્ષીણ થતાં મનુષ્ય અકાળે વૃધ્ધ થાય છે. વ્યસનથી ધન વેડફાઈ જતાં અને શરીરનું સ્વાસ્થ્ય બગડતાં વ્યસની વ્યક્તિનું જીવન પાયમાલ થઈ જાય છે. આમ, બુધ્ધિ, ધન અને આરોગ્યનો નાશ કરનાર વ્યસનો માનવજીવન માટે ખરેખર શાપરૂપ છે. સો કુટેવ કરતાં એક સુટેવ માનવીના જીવનમાં આમૂલ પરિવર્તન લાવવા માટે પૂરતી છે.

આજનો યુવાન માત્ર વહેલા ઊઠવાની અને વહેલા સૂવાની સુટેવ રાખે તો પણ પૂરતૂ છે. માટે જ એક કવિએ કહ્યું છે...

"વહેલા ઉઠે જે સૂઈ, વહેલા ઊઠે વીર;<br>
બળ,બુદ્ધિ ને ધન વધે, સુખમાં રહે શરીર."

આજનો વિદ્યાર્થી વધુ વિલાસી બનતો હોવાથી અભ્યાસમાં નબળો પડે છે. વિદ્યાર્થીનું જીવન માત્ર ભણવા માટે છે, મોજશોખ કે વિલાસી જીવન માટે નથી. એટલે વિદ્યાર્થી વિદ્યા સિવાયનું વ્યસન ન રાખે તે જ આદર્શ વિદ્યાર્થી ગણાય. યુવાનોને વ્યસનમુક્ત કરવા માટે સૌ પ્રથમ સ્કૂલ, કોલેજ અને સમાજમાં જાગૃતિ લાવવી જરૂરી છે. પ્રદર્શનો, રેલી, શેરી નાટકો, વકતૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા જેવાં કાર્યક્રમો યોજીને આ કાર્યક્રમને સફળ બનાવીને શકાય તેમ છે. જો આમ થશે તો દેશનું યુવાધન વ્યસનમાંથી મુકત બની દ્યેય નવનિર્માણમાં પોતાનું યોગદાન આપતું થશે. વ્યસનથી દૂર રહેનાર કે તેના પર કાબૂ મેળવનાર માનવી જ પ્રગતિના પંથે આગળ વધી શકે છે. તો ચાલો, આપણે સૌ વ્યસનમુક્તિના કાર્યક્રમમાં સહભાગી બની આપણા યુવાધનને બચાવી લઈએ.

## અહેવાલ

## "ગુજરાતમાં આર્થિક વિકાસની એક ઝલક"

### વ્યાખ્યાત : પ્રો ડૉ. તુષારભાઈ હાથી

આપણી કોલેજમાં ૧૭-૯-૨૦૧૦ ના રોજ ડૉ. તુષારભાઈ હાથી દ્વારા વિદ્યાર્થીઓને ગુજરાતમાં આર્થિક વિકાસ કેટલો છે, કેવી રીતે થયો તેની માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ટી.વાય.બી.એ.ના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા આયોજન થયુ હતું. જેમાં પી.એસ.પટેલ, વિમલ જોષી સર અને સુધા બહેન, રજની સર અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રો. તુષારભાઈ હાથી, ખરેખર એક વિદ્વાન વ્યક્તિ છે. તેમ કહીશકાય, તેમણે કહ્યું કે ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં રવિશંકર મહારાજના હસ્તે થઈ હતી. સૌ પ્રથમ તેના મુખ્યમંત્રી જીવરાજ મહેતા હતા. તેમણે તેમના પ્રવચનમાં વધુ જણાવ્યું હતું કે ગુજરાત દર હજાર પુરુષોએ સ્ત્રીઓનું પ્રમાણ વિશે માહિતી આપી હતી. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે ગુજરાતમાં કામ કરતી બહેનોનું પ્રમાણ મહારાષ્ટ્ર કરતા વધુ છે.

જયારે તેમણે કહ્યું હતુ કે પાણીની દ્દષ્ટિએ ગુજરાતનો ૧૦ મો ક્રમ જયારે મહારાષ્ટ્રનો ૧૩ ક્રમ છે. ડૉ. તુષારભાઈ હાથીએ વધુ જણાવ્યું હતું કે ૧૧ મી યોજનામાં મુખ્ય હેતુએ હતો કે છેવાડાનો માનવી સુધી પણ ભૌતિક સુવિધાઓ પહોંચાડવાનો હતો. ગુજરાતમાં સરેરાશ ૩૬% લોકો બેંકો સાથે જોડાયેલા છે. એટલે કે તેનો અર્થ એમ થાય છે કે ૬૪% લોકોએ બેંક જ જોઈ જ નથી. આ રીતે પણ ગુજરાત પછાત ગણી શકાય છે. તેમણે આ ઉપરાંત કહ્યું હતુ કે ગુજરાતમાં કાળુ નાણુ વધુ પ્રમાણમાં જોવા મળે છે. તેનું ઉ.દા આપ્યુ હતું કે કોઈપણ વ્યકતિ જમીન ખરીદવા માટે જે દસ્તાવેજ કરે છે ત્યારબાદ પૈસા પણ આપે છે.

પ્રો. તુષારભાઈ હાથીએ વધુ માહિતી આપતા કહ્યું હતું કે ગુજરાતમાં ૧૦ લાખની વસ્તીએ રેશનની દુકાને ૨૮ છે. તેની જગ્યાએ મહારાષ્ટ્રમાં ૪૬ દુકાનો છે. જે ગુજારત આ બાબતે પણ પાછળ છે. તેમ માની શકાય દુગાવાવો આંક ૮.૫% આ વખતે સરકારે રજૂ કર્યો હતો. દુનિયામાં ધંધાકીય રીતે ગુજરાત ૪૯ માં ક્રમ ધરાવે છે. ગુજરાતમાં સાક્ષરતાનો દર બિહાર કરતા ઘટ્યો છે. ગુજરાતમાં બેંકોનું પ્રમાણ ૧૯૬૯ માં ૭૫૨ હતું. જે વધીને ૨૦૦૯માં ૩૫૨૨ હતી. જયારે સમગ્ર ભારતમાં બેંકોની સંખ્યા ૧૯૬૯ ની સાલમાં ૮૨૬૨ હતી. જે ૨૦૦૯ માં ઘટીને ૫૫૦૦ થઈ હતી.

ગુજરાતમાં અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૬૯% હતું. જયારે મહારાષ્ટ્રમાં ૭૭% હતું. એટલે શિક્ષણમાં પણ પાછળ છે તેમ કહી શકાય. ગુજરાતમાં આરોગ્યની દ્દષ્ટિએ પણ પાછળ છે. બાળમરણનું પ્રમાણ વધુ જોવા મળે છે. ગુજરાતમાં પોષણયુક્ત આહાર ૪૨% લોકોને મળે છે. જયારે મહારાષ્ટ્રમાં ૩૧% જોવા મળે છે. આ આંકડાઓ દ્વારા જાણી શકાય કે તે આરોગ્યની સુવિધા પણ ગુજરાતમાં ઓછી છે.

પ્રો. તુષારભાઈ હાથીએ જણાવ્યું હતું કે ગુજરાત ખેતીની દ્દષ્ટિએ અને રોજગારીની દ્દષ્ટિએ મોખરે છે. ગુજરાતમાં વાંચતા ન આવડતા એનો અર્થ એમ કે જે લખી વાંચી ન શકતા હોય તેવા ૪૦% છે.

આમ, ખરેખર પ્રો. તુષારભાઈ હાથીએ ઘણા જ જ્ઞાની છે. તેઓ દર વર્ષે અમારી કોલેજમાં આવીને આવી સુંદર માહિતી આપતા રહે તેવી મારી વિનંતી છે. તેમને પાસે અદ્દભુત જ્ઞાન છે. જે તેમના દેખાવ પરથી પણ સમજી શકાય છે. તેમણે ગુજરાતનો આર્થિક વિકાસ કેટલો થયો છે અને કંઈ રીતે પાછળ છે. તે બાબતોથી સભાન કર્યો હતા. નહીંતર મને તો ખબર નહોતી કે ગુજરાત આર્થિક વિકાસની દ્દષ્ટિએ ઘણો બધો પાછળ ક્રમ ધરાવે છે. આપણા ગુજરાત માટે શું કરવું તેની પણ તેઓએ સરસ રીતે માહિતી આપી હતી. તેમણે તેમનો જે કિંમતી સમય આપ્યો તે બદલ અમારી સર્વ વિદ્યાર્થીઓ દ્વારા આભાર વ્યક્ત કરું છું.

**સોલંકી ઈન્દીરા એન.**
**વર્ગ : એસ.વાય.બી.એ,**
**રોલ નં. ૧૨૫**

## વિચાર બદલો

આપણા વિચારોનું મૂળ ઉદ્ભવ સ્થાન **આપણી માન્યતાઓ છે.** કોઈ પણ વિચારને આપણે સત્ય તરીકે સ્વીકારી લઈએ છીએ ત્યારે આપણી માન્યતા બની જાય છે. કોઈ પણ વિચાર આપણા મનમાં આવે છે અથવા કોઈના તરફથી આપણા મનમાં રોપવામાં આવે છે ત્યારે તે ફક્ત વિચાર રૂપે જ હોય છે. પણ તે વિચાર જો કોઈ **પ્રભાવશાળી વ્યક્તિ** (ધર્મગુરુ, માતા-પિતા, શિક્ષક, સેલિબ્રિટી વગેરે) દ્વારા તમારા મનમાં રોપાયેલો હોય **તો તે સીધો જ માન્યતાના રૂપમાં ગોઠવાઈ જાય છે.**

અંદરથી ઉદ્દભવેલા અથવા કોઈ અન્ય જગ્યાએથી મળેલા વિચારો આપણે જયારે પસંદગીપૂર્વક વારંવાર મનમાં રિપીટ કરીએ છીએ ત્યારે આ વિચારો અને માન્યતાઓ લૉ ઓફ **એટ્રેકશન**ના નિયમથી એવા જ બનાવો અને અનુભવોને તે આપણા તરફ આકર્ષે છે, જેથી આપણી માન્યતા વધુ ને વધુ દઢ બનતી જાય છે. **આ માન્યતાઓ વિચારોના એપી સેન્ટર તરીકે કામ કરે છે.** તે આપણા જીવનમાં સુખ અને દુઃખની લાગણી જન્માવે છે. એક વખત કોઈ પણ વિચાર માન્યતા બની જાય પછી તે માન્યતાને આપણે **બ્રહ્મવાકયની જેમ સ્વીકારી લઈએ છીએ.** કોઈ તેને ચેલેન્જ કરે તો આપણે તેની સાથે દલીલ કરવા બેસી જઈએ અથવા લડાઈ શરૂ કરીએ દઈએ છીએ. **બધા ધર્મયુદ્ધોનું ઉદાહરણ છે.**

તેમાં સામ સામે પક્ષના લોકો પોતાનાં ધર્મ વિશેની માન્યતાઓનું રક્ષણ કરવા તેમજ તેને સાચી ઠેરવવા માટે બીજા ધર્મના લોકો ઉપર આક્રમણ કરી દેતા હોય છે. ખરેખર તો આ બંને **પક્ષના લોકોમાં ફકત માન્યતાઓનો જ તફાવત હોય છે.**

આપણા પોતાના વિશે પણ આપણી અમુક માન્યતાઓ હોય છે.

આપણા પોતાના વિશે પણ આપણી અમુક માન્યતાઓ હોય છે. જેમ કે મારામાં કોઈ **આવડત કે લાયકાત નથી.** આવી માન્યતા વાળા લોકો હંમેશા નકારાત્મક વિચારો કરશે અને દુઃખ **ફીલ કરતાં હશે.** આ માન્યતાને ચેલેન્જ કરીએ અને આપણી જાતને સવાલો પૂછીને તેને સાચા ખોટાની કસોટી પરથી પાર પાડી શકીએ તો જ તેને બદલી શકીએ. માન્યતાને ચેલેન્જ કરવા માટે તમારી જાતને નીચે મુજબના સવાલો પૂછી શકો : **હું કોના માટે નકામો છું ?** હું કઈ વાતમાં નકામો છું ? શું તેં જીવનમાં કોઈ સારું કામ નથી કર્યું ? આવા ઘણા બધા ચેલેન્જિંગ સવાલો પોતાની જાતને પુછવાથી તે માન્યતા ઊંડાણમાં તમે જઈ શકશો અને બદલવા માટે સક્ષમ બની શકશો. **નહીંતર તમે પ્રેમ.**

ધન, તંદુરસ્તી આનંદ કે સુખ ક્યારેય નહીં મેળવી શકો, કારણ કે તમારૂ અર્ધજાગ્રત મન તમારી ઈચ્છાઓની વિરૂદ્ધ જઈને તમારી માન્યતા પ્રમાણે જ પરિણામ આપશે. નવી હકારાત્મક માન્યતા સ્થાપવા સ્વયં સુચનોની પદ્ધતિનો ઉપયોગ કરો. નકામાપણાની નકારાત્મક માન્યતાઓની જગ્યાએ, ' **હું ખુબજ લાયકાત ધરાવું છું.** ' તેવી હકારાત્મક માન્યતા દ્રઢ કરવા રોજ ૨૧ વખત મોટેથી બોલીને અથવા તો બોલીને તમારી જાતને સ્વ-સુચનો આપો કે, ' હું ખુબજ લાયકાત ધરાવુ છું. '

આવું ૨૧ દિવસ નિયમિત કરવાથી તમારી તે પ્રમાણેની નવી માન્યતા બની જશે. તમારી દરેક માન્યતા હકારાત્મક બનાવવાથી તમારું જીવન હકારાત્મક અને સુખી બની જશે.

અગાઉ એવા આશીર્વાદ માગવામાં આવતા હતા કે મને **ચાર દીશામાંથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ,** જો શુભ વિચારો બીજ આપણા મનમાં કોઈ પણ રીતે વવાઈ જાય તો તે આપણી આદત બની જશે અને **તે શુભ વિચારો આપણામાં શુભ અને હકારાત્મક લાગણીઓ ઉત્પન્ન કરશે અને સુખનો અનુભવ કરાવશે.**

**pareshsai@yahoo.co.in. (petlad college)**

## ચક્ષુદાન એ મહાદાન છે.

પ્રાચીન સમયથી અને ખાસ કરીને ભારતીય સંસ્કૃતિ પ્રમાણે હિન્દુ ધર્મમાં પુણ્ય અને દાનનું મહત્વ સૌથી વધુ જોવા મળે છે. માનવીના જીવનમાં સૌથી વધારે મુલ્યવાન દાન હોય તો તે ''રકતદાન'' અને ''ચક્ષુદાન'' છે.

કારણ કે આ વસ્તુઓ કોઈ ફેકટરી કે કારખાનામાં બનતી નથી. આની રચના સૃષ્ટ્રીના સર્જન હારે તેની કળાથી બનાવેલી હોય છે. અને માનવ શરીરમાં મુકેલી હોય છે.

ચક્ષુદાનએ મહાદાન છે. કારણ કે જન્મથી અંધ હોય તેવા વ્યક્તિને આ રંગીન દુનિયા જોવાની કેવી ઝંખના હોય ? જે વ્યક્તિ અંધ છે તે સૂર્યના કિરણોને સમી સાંજે દરીયામાં ફેલાયેલા હોય અને આખો દરીયો જાણે સોના જેવો લાગતો હોય તે દૃશ્ય જોવાની તક કેવી રીતે મેળવી શકે છે.

જે લોકો જન્મતાની સાથે પોતાની આંખો ગુમાવે છે તે લોકો આગ્રામાં બનાવેલ મુમતાજની યાદ તાજી કરતો ''તાજમહેલ'' કેવો હશે ? તેની માત્ર કલ્પના જ કરતા હોય છે. પરંતુ તે લોકો તેને જોઈ શકતા નથી. આવા અંધજન પોતાને ''અભાગિયા'' ગણે છે. કારણ કે તેઓ માત્ર કલરવની દુનિયા ને જ તેમની દુનિયા ગણતા હોય છે.

આપણે ક્યારેય પોતાના અંતર આત્માથી વિચાર કર્યા છે ? કે ક્રિકેટ જગતમાં વિશ્વ વિખ્યાત બનેલા, માસ્ટર બ્લાસ્ટર સચિન ટેંડુલકરને અને બોલીવુડ જગતમાં વિખ્યાત થયેલા સુપર સ્ટાર અભિનેતા અમિતાભ બચ્ચનને જોવાની તેમના મનમાં કેટલી જીજ્ઞાસા હશે ? અંધ ને પણ વાસ્તવિકતામાં જોઈ નથી, તેઓ માત્ર પોતાની આંગળીના ટેરવાથી તે વસ્તુની કલ્પના જ કરી શકે છે.

ધાર્મિક બાબતોને ધ્યાનમાં રાખીને આપણે વિચારો એ તો હિન્દુ ધર્મ પ્રમાણે પુનમના દિવસે કે જન્માષ્ટમીના દિવસે ધર્મ પ્રમાણે રમજાન માસના છેલ્લા દિવસે ઈદના ચાંદને જોવાની અંધ વ્યક્તિને કેવી ઈચ્છા થતી હશે ? તે આપણે સમજી શકીએ છીએ ! કોઈપણ ધનવાન વ્યક્તિ પોતાના જીવનમાં દાન કરીને મોક્ષ મેળવવાનું ઈચ્છતો હોય છે. પરંતુ સામાન્ય માનવી પોતાની અમુલ્ય મિલકતને એટલે કે ચક્ષુઓને દાનમાં આપે તો ધનવાન વ્યક્તિના ધન કરતા પણ વધારે અમુલ્ય અને ખરુદાન ગણાય છે. તે ચક્ષુદાન છે.

માનવીએ માનવીના જ હિતમાં આ પ્રકારનું દાન કરવાનું હોય છે. કે આપણે આપણા જીવનને જીવ્યા પછી મૃત્યુ બાદ અંતિમ સમયમાં આ પ્રકારનું દાન કરવાનું હોય છે. આપણા ઉપયોગમાં આવેલી આ આંખો આપણા પછી કોઈપણ અંધ વ્યક્તિના જીવનમાં એક નવુ જ કિરણ લાવે છે. તે વ્યક્તિ આ રંગીન દુનિયાને જોવાનો લાભ મેળવી શકે છે. તેથી માનવતાના આધારે દરેક માનવીએ ચક્ષુદાન કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

એક અંધ વ્યક્તિ કવિને પ્રશ્ન કરે છે કે હે ! કવિ શું ? હું નિકળ્યો ન ગર્ભમાંથી બહાર કે પછી મારા જન્મને કેટલી છે વાર !

એટલી કિર્તિ સુણીથી મેં આ જગતની એ સ્વર્ગમાં કે આવવાની લ્હાય ! માં ને લ્હાય ! હું મારી ક્રિડીઓ ભુલી ગોય તે કલ્પ વૃંદ ની છાવમાં !

જે વ્યક્તિ દેખી શકે છે. તેને આ આંખોનું મુલ્ય નથી. પરંતુ જે જોઈશકતા નથી તેના માટે આ આંખો અમુલ્ય છે.

**વાઘેલા વિકાસ યશવંતભાઈ - અર્થશાસ્ત્ર-એસ.વાય.બી.એ.**

## જરા હસીએ...

૧) કલ્પના ક્યારની બેઠી બેઠી એની બહેનપણી પુષ્પા સાથે ગપ્પા મારતી હતી. અચાનક એની નજર દિવાલ પરથી ઘડિયાળ પર પડી અને તે સટાક લઈને એમ કહેતી ઊભી થઈ ગઈ અરે બાપ રે છ વાગી ગયા ? હવે હું જાઉં. આ જોઈને કલ્પનાનો તોફાની દીકરો મોન્ટી બોલ્યો, માસી આટલા જલ્દી કેમ જાઓ છો ? તમે તમારી વાતો કરે જાવ. એ તો તમે બંને ને વાતોમાં મશગૂલ જોઈને પપ્પા એ જ ઘડિયાળ બે કલાક આગળ કરી દીધી હતી.

★ ★ ★

૨) મહેશ : તારે મારો કૂતરો પાળવો હોય તો લઈ જા અને.

રાકેશ : અરે પણ તું આ વાત આટલો ગુસ્સે થઈને કેમ કહે છે ?

મહેશ : ગુસ્સો તો આવે જ ને ! આ કૂતરો મારાં પોપટને ખાઈ ગયો. એણે મારી મરઘીને પણ મારી નાખી અને હવે મારી સાસુ પંદર દિવસથી આવી છે, છતાં એ તેમને કશું કરતો નથી.

★ ★ ★

૩) શિક્ષક : રોકી પચાસમાંથી પાંચ કાઢીએ તો કેટલા વધે ?

રોકી : સાહેબ, શૂન્ય.

★ ★ ★

૪) પતિ (પત્નીને) : ગઈ રાત્રે મેં એક હોરર ડીવીડી જોઈ. જેમાં એક ચુડેલ ક્યારેક મારી આગળ-પાછળ તો ક્યારેક મારી સાથે ચાલતી હતી.

પત્ની (પતિને) : કઈ ડીવીડ હતી ?

પતિ : આપણા લગ્નની.

**પટેલીયા સેમ્યુલકુમાર દાનીયેલભાઈ,**
**એમ.એ.પાર્ટ-૨, રોલ નં. ૪૦**

## જીતની મજા

દરેક વ્યક્તિના જીવનમાં એવી એક ઘડી જરૂર આવે છે. જયારે તે વ્યક્તિ એવું લાગે છે કે મેં બધુ જ મેળવી લીધું છે. વિદ્યાર્થી મિત્રો હું તમને મારી જ વાત કરું તો હું ૧ થી ૧૨ ધોરણ સુધી ભણી ત્યાં સુધી મેં કોઈ જ સ્પર્ધામાં ભાગ લીધો નથી. પરંતુ કોલેજમાં હું જયારે આવી ત્યારે મારી ઓળખાણ સોનમ સાથે થઈ. તેની સાથે મારી ફ્રેન્ડશિપ થઈ. મને યાદ છે કે તેના કહેવાથી મેં ગુરૂપૂર્ણિમા દિવસે પહેલીવાર સ્ટેજ પર ઊભા રહેવાનો અનુભવ કર્યો હતો. ખરેખર તે દિવસે ઘણી જ બીક લાગતી હતી. પણ મનમાં એક પ્રકારનો આનંદ હતો. ખરેખર, ત્યારબાદ સોનમ અને અમારા સરના પ્રોત્સાહનને કારણે હું બીજી સ્પર્ધામાં પણ ભાગ લીધો. અને ઈનામ પણ પ્રાપ્ત થયા.

હું એફ.વાય.બી.એ. માં અભ્યાસ કરતી ત્યારે મને ઘણી જ મજા આવી. મને યાદ છે કે વર્ષના અંતે ઈનામ લઈને ઘરે ગઈ ત્યારે મારા કાકાએ પહેલા તો મારું ઈનામ જોયું. ત્યા મારા કાકાના છોકરા બેઠા હતા એટલે કાકા તેમની સામે જોઈને બોલવા લાગ્યા, ''જુઓ, આ છોકરી ઈનામ લઈને આવી અને તમે લોકો કોલેજમાં શું કરો છો '' ખરેખર, મને ત્યારે ખૂબ જ મજા પડી હતી. પણ હું કરું હું તેને વ્યક્ત ન કરી શકી, કારણ કે મારા ભાઈને વધારે કાકાની વાતો સાંભળવી પડત. મારા પપ્પા પણ ઘણા જ ખુશ હતા.

આના દ્વારા હું એટલું જ કહેવા માંગુ છું કે દરેક વ્યક્તમાં કંઈક એવું રહેલું છે. જેનો ખ્યાલ તે વ્યક્તિના હોવા છતાં પણ તે બહાર લાવતા નથી. પરંતુ જો તે આવડત બહાર લાવીને તેની માજા લેવી જોઈએ. આનો અનુભવ દરેક વ્યક્તિ પોતે ઈચ્છે ત્યારે લઈ શકે છે. એવી જીત કે જેમાં મઝા જ હોય પછી ભલે સ્પર્ધામાં ભાગ લેવા છતાં નંબર ન પણ આવે ભાગ લીધો. એમાં જ આનંદ હોવા જોઈએ.

- સોલંકી ઈન્દિરા એન. રોલ નં. ૧૨૫,
એસ.વાય.બી.એ., અર્થશાસ્ત્ર

# Take care of my Eyes, Dear !

*There was a blind girl who hated herself just because she's blind. She hated everyone, except her loving boyfriend. He's always there for her.*

*She said that if she could only see the world, she whuld marry her boyfriend.*

*Oneday, someone donated a pair of eyes her and than she could see everything, including her boyfriend.*

*Her boyfriend asked her, " Now that you can see the world, will you marry me ? " The girl was shocked when she saw that her boyfriend is blind too, and refused to marry him.*

*Her boyfrined walked away in tears, and later wrate a letter to her saying, " Just take care of my eyes, dear."*

*This is how human brain changes, when the status changed.*

*Only few remember what life was before and who's always been there even in the most painful situations.*

*Que - What lesson do you learn for you life from this small (sociglogy) story ?*

***Panchall Urvashi K., Roll No. 74***
***(T.Y.B.A.)***

# Life is a gift, live it, enjoy it, celebrate it and fulfill it.

- *Today before think of saying an unkind word - Think of someone who can't speak.*
- *A Before you complain about the taste of your food - Think of someone who has mothing to eat.*
- *Before you complain your husband or wife - Think of someone who's crying out to god for a companion.*
- *Today before you complain about life - Think of someone who went to early to heaven.*
- *Before you complain about your children - Think of someone who desires children bu they're barren.*
- *Before you argue about your dirty house, someone didn't clean or sweep - Think of the people who are living in the streets.*
- *Before whining about the distance you drive. - Think of someone who walks the same distance with their feet.*
- *And When you are tired and complain about your job - Think of the unemployed, the disabled and those who wished they had you job.*
- *But before you think of pointing the finger or condemning another. - Remember that not one of us are without sin and we all answer to one maker.*
- *And when depressing thoughts seem to get you down. - put a smile on your face and thank God you're alive and staill aroud.*

***Panchall Urvashi K., Roll No. 74***
***(T.Y.B.A.)***

# Success

- *" The person who gets the farthest is generally the one who is willing to do and dare. "*
  ***- Dale Casnegie.***
- *" Success doens't come to you... You go to it. "*
  ***- Marva Collins***
- *" Success is a journey not a destination. "*
  ***- Ben sweetland.***
- *" I belive the greater the handicap, the greater the triumph. "*
  ***- John H., Johson.***
- *" Success is simply a lnatter of luck. Ask any failure. "*
  ***- Earl Nighingule.***

***Panchall Urvashi K., Roll No. 74***
***(T.Y.B.A.)***

# વો ૧૮ સાલ .....!!!

સાયદ જીદંગી કે સબસે હસીન સાલ.
વો પાપા કા ડાઁટના, વો મમ્મી સે સિફારિશ કરના
વો બાત-બાત પર ખાના ના ખાના
વો રુઠના - મનાના, વો બચપન કા પહેલા પ્યાર
વો દોસ્ત - વો યાર

વો રોજ ટાઈમ-ટેબલ બનાના
વો વાદે કરકે મુકર જાના
વો માસ્તરજીકા સજા દેના
વો રુલ્સ તોડકર કૌશલ જુટા પાના
વો કલાસ કી તડીમાર પ્રોકસી લગવાના
વો ફન કે લિયે પ્લાનિંગ કરના
વો *Imp Questions* કે લિયે લાઈન લગાના
વો *Answer* કો રટના
વો *Exam* મેં રાત ભર જાગના
વો સુબહ ઉઠકર વાપસ સો જાના
વો *Exam* મેં પડોશી કી કોપી મેં દેખના
વો પાસવાલી લડકી કો દેખ *Firlt* કરના
વો *Exam* કે તીન ઘંટે કેસ કરના
વો *Next - Exam* કી પ્લાનિંગ કરના
વો છોટી-છોટી બાતો પે પંગે લે લેના
વો *Good Result* કે લિય ભગવાન કો મસ્કા લગાના
યે ૧૮ સાલ....સાયદ.....જીંદગી કે
સબસે હસીન સાલ.... ભુલ ના પાયેંગે!!!

- નિમિ

## પાઘડીનાં પ્રકાર

- ગોંડલની ઇંઢોણી, મોરબીની ચાંચ
  જામનગરનો ઊભો પૂડો, પાઘડીએ રંગ પાંચ
- બારાડી પાટડીયાળી, બરડે ઊભા ખૂંપાવાળી
  ઝાલાવાડી આટીવાળી, કાળી લીટીવાળી
- ઓખાની પણ આંટીવાળી, ભારે રૂઆબ ભરેલી
  ઘેરીને ગંભીર ઘેરની જોતાં આંખ ઠરેલી
- સોરઠની સીધી સાદી, ગીરનું ગોળ કુંડાળું
  ગોહીલવાડની લંબગોળ, વળાંકી વધરાળું
- ડાબા ને જમણા પડખામાં એક સરખી આંટી
  કડા ભરેલી - કાઠિયાવાડની પાઘડી શીર પલાટી
- ભરવાડું ને ભોજપરું, રાતે છેડે રબારી
  પૂરી ખૂંભી કરી પરખીએ, જાડા ગાજાબનારી
- બત્તી જૂનાગઢ-બાબીઓની સિપાઇઓને સાંફો
  ફકીરોને લીલો ફટકો, મૂંઝાવરો ને માફો,
- વરણ કાંટીયો વેપારીને, વહવાયાને જાતિ
  ચારણ બ્રાહ્મણ સાધુ જ્ઞાતિ, બધી પાઘડીએ પરખાતી.

- નિમિષા પી. સિંઘવ, એમ.એ.-૨, ગુજરાતી, રોલ નં. ૧૧

*The heart of education is the education of the heart.*

**જીવનનો નિર્વાહ કરવાનું જીવનનું ઘડતર કરવાનું તથા જીવનનો ઉદ્ધાર કરવાનું શીખવે તે સાચી વિદ્યા.**

## *Flowers*

*Flowers are God's gift*
*- Adore them....*
*Flowers give you pleasure*
*- Enjoy them....*
*Flowers give you happiness*
*- Love them....*
*Flowers are delicate*
*- car for them.*
*Flowers are a sing of beauty*
*- preserve them...*

***Panchall Urvashi K., Roll No. 74 (T.Y.B.A.)***

" નિત્ય સૂર્ય ઉગ્યાથી પ્રથમ જાગવું, જાગ્રત થઈ પ્રથમ પ્રભુ સ્મરણ કરવું "

" માતા-પિતા, ગુરૂ તથા રોગાતુર જીવન પ્રયત્ન સેવા કરવી. "

" ગુરૂનું અપમાન ન કરવું, વિચાર્યા વિનાનું કાર્ય ન કરવું. "

## ખેતીક્ષેત્ર : ભારતીય અર્થતંત્રનો મુખ્ય આધાર અને જીવાદોર

કોઈપણ દેશનો આર્થિક વિકાસ સાધવાનો મુખ્ય આશય સુખ, શાંતિ અને સમૃદ્ધિ (*Peace, Prosperity & Happiness*) હાંસલ કરવાનો હોય છે. આ બાબત ત્યારે જ શક્ય બની શકે કે તે દેશમાં પ્રજાને તમામ પ્રકારની વસ્તુઓ અને સેવાઓ સરળતાથી પ્રાપ્ત થઈ શકે. ભારત જેવા ખેતીપ્રધાન દેશમાં સર્વાંગી વિકાસનો પાયો માત્ર ખેતી જ છે. જ્યાં સુખી ખેતી ઉપર સંપૂર્ણ ધ્યાન આપવામાં ના આવે ત્યાં સુધી સમૃદ્ધિ હાંસલ કરવાનું કદાચ અશક્ય તો નથી જ પણ મુશ્કેલ જરૂર છે. આમ રાષ્ટ્રના સર્વાંગી વિકાસની ચાવી ખેતીના વિકાસમાં પડેલી છે તેમ કહી શકાય.

વર્ષોથી આપણે કહેતા આવ્યા છીએ કે ભારત ખેતીપ્રધાન દેશ છે. આમ કહેવામાં તેની પાછળ કેટલાંક કારણો રહેલાં છે. જેમાં મુખ્ય કારણો નીચે મુજબ ગણાવી શકાય.

૧) ખેતીક્ષેત્ર એ ભારતના અર્થતંત્રનું એન્જિન છે. કારણ કે ભારતીય અર્થતંત્રના તમામ ક્ષેત્રોનો વિકાસ તેના પર નિર્ભર છે.
૨) ભારતના કુલ મજૂર પુરવઠામાં (***Labour force***) ૬૪ ટકા મજૂર પુરવઠો તેના પર આધારિત છે.
૩) ભારતના કુલ ઘરગથ્થુ ઉત્પાદનમાં (***Domestic Product***) ખેતીક્ષેત્રનો હિસ્સો ૨૬ ટકા જેટલો છે.
૪) ભારતની કુલ નિકાસોમાં ૧૮ ટકા જેટલી નિકાસો ખેતીક્ષેત્રની છે.
૫) ખેતીક્ષેત્રના વિકાસ દ્વારા જ ખેડૂતોની આવકમાં વધારો થયો છે પરિણામે ચીજવસ્તુઓ અને સેવાઓની માંગ વધારાને પ્રોત્સાહન પ્રાપ્ત થયું છે, જેથી કરીને દેશમાં આવક સર્જન શક્ય બન્યું છે.
૬) સમગ્ર દેશના વિસ્તારનો ૪૬ ટકા વિસ્તાર ખેડાણ હેઠળ આવરી લેવામાં આવ્યો છે.

ખેતીક્ષેત્રનો વિકાસ થયાનું મુખ્ય કારણ એમાં આવેલાં આધુનિક પરિવર્તનો છે એટલે કે નવી તરાહ છે. ભારતમાં ખેતીક્ષેત્રે નવી તરાહ આવવાનું મુખ્ય કારણ ૧૯૬૪-૬૫ માં થયેલી હરિયાળી ક્રાંતિ છે. હરિયાળી ક્રાન્તિથી ખેતીક્ષેત્રે ઉત્પાદનમાં અનેક ઘણો વધારો નોંધાયો છે. મુખ્યત્વે હરિયાળી ક્રાન્તિથી નીચેના પગલાં લેવામાં આવ્યાં હતાં.

૧) ઉચ્ચી કક્ષાનાં ખેત બિયારણનો ઉપયોગ
૨) રાસાયિણક ખાતર અને જંતુનાશક દવાઓનો ઉપયોગ
૩) યાંત્રિક ખેતીનો ઉપયોગ
૪) સરકાર તરફથી [illegible]
૫) જમીનસુધારણા
૬) ખેતપેદાશોનું ખરીદ-વેચાણ

ઉપરોક્ત કારણોસર ભારતમાં ખેતીક્ષેત્ર [illegible] રહેવા પામ્યુ છે.

### ભારતીય ખેતીક્ષેત્ર : ભારતીયોની જીવાદોરી

ભારતીય ખેતીક્ષેત્ર એ અર્થતંત્રનો મુખ્ય આધાર અને જીવાદોરી છે. આ અંગે ભારતમાં ઉત્પાદન થતી કેટલીક ખેતપેદાશોને લક્ષમાં લેવી જરૂરી બને છે.

**૧) ચોખા : (*Rice*)** ભારતમાં સૌથી વધુ ઉત્પાદન ચોખાનું થાય છે. સૌથી વધુ ઉત્પાદન બંગાળમાં કરવામાં આવે છે. સમગ્ર ભારતની જમીનના ચોથા ભાગની જમીન ઉપર ચોખાનું ઉત્પાદન કરવામાં આવતુ હોયછે. તેમજ વિશ્વમાં પણ સૌથી વધુ જમીન ભારતમાં ચોખાના ઉત્પાદનમાં રોકાયેલી છે. સમગ્ર વિશ્વમાં ચીન પછી ભારત ચોખાના ઉત્પાદનમાં શ્રેષ્ઠતા ધરાવનાર દેશ છે.

**૨) ઘઉં : (*Wheat*)** ચોખા પછી બીજા નંબરનો પાક ઘઉંનો છે. રવિ પાકોમાં ઘઉં મુખ્ય પાક તરીકે ઓળખાય છે. ઉત્તરપ્રદેશએ ઘઉંનું સૌથી વધુ ઉત્પાદન કરતો પ્રદેશ છે. જ્યારે પંજાબ બીજા નંબરે આવે છે. ભારતમાં અનાજનું ઉત્પાદન કરતી ૨૦ ટકા જમીનમાંથી ૨૫ ટકા જમીનમા ઘઉંનુ ઉત્પાદન થાય છે.

**૩) જાડા ધાન્ય-બડછટ અનાજ : (*Coarse cereals*)** : મોટેભાગે જાડા ધાન્યમાં જુવાર, બાજરા, મકાઈ અને રાગીનો સમાવેશ થાય છે. કર્ણાટકામાં આ અનાજ વધુ પ્રમાણમાં થાય છે. (૧૯%) જ્યારે બીજા નંબરે મહારાષ્ટ્ર આવે છે. (૧૭.૫%) અને ત્રીજા નંબરે ઉત્તરપ્રદેશ રહે છે. (૧૧.૬%) દુનિયામાં આ પ્રકારના અનાજની બાબતમાં ભારત પ્રથમ નંબરે આવે છે. મહારાષ્ટ્રમાં જુવાર, રાજસ્થાનમાં બાજરાનું સૌથી વધુ ઉત્પાદન થાય છે.

**૪) શેરડી : (*Sugarcane*)** : દુનિયામાં શેરડીનું સૌથી વધુ ઉત્પાદન ભારતમાં થાય છે. દેશની જમીનનો મોટાભાગનો વિસ્તાર શેરડીના વાવેતરના ઉપયોગમાં લેવાય છે. પ્રણાલિકાગત રીતે શેરડી એ ઉત્તરભારતના મેદાનોમાં ઉગાડાય છે. જો કે હવે દક્ષિણ ભારતમાં પણ ઉગાડવામાં આવે છે.

**૫) ચા અને કોફી : (*Tea & Coffee*)** : વિશ્વમાં ૨૮ ટકા જેટલી ચાનું ઉત્પાદન ભારતમાં થાય છે અને ખેત પેદાશોની નિકાસોમાં સૌથી વધુ નિકાસમૂલ્ય પેદા કરતું ઉત્પાદન છે. દાર્જિલિંગ, જલાપાઈગુરી, કૂચબિહાર વગેરે પ્રદેશોમાં ચાનું ઉત્પાદન થાય છે. જ્યારે દક્ષિણક્ષેત્રમાં કારડેમોમની ટેકરીઓ (***Cardamom hill***)

ઘાટ, નીલગિરી વગેરે વિસ્તારોમાં ચાનું ઉત્પાદન કરવામાં આવે છે.

વિશ્વના કોફીના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ટકા જેટલો છે. મુખ્યત્વે કોફીની જાતોમાં બસ્તા (***Robusta***), એરાબીકા (***Arabica***) નું ઉત્પાદન થાય છે. ખાસ કરીને કર્ણાટકા ૭૦ ટકા, કેરાલા ૨૩ ટકા અને તાલીમનાડુમાં ૫ ટકા ઉત્પાદન થાય છે.

**૬) કપાસ : (*Cottan*)** ભારતમાં ચોખા, ઘઉં પછીનો રોકડિયો પાક કપાસ છે. દુનિયાના કુલ ઉત્પાદનમાં ૧૪ ટકા હિસ્સો ભારતીય કપાસનો છે. એટલે કે અમેરીકા અને ચીન પછી ભારતનો નંબર આવે છે. અને દુનિયાના કુલ કપાસના વાવેતર હેઠળના વિસ્તારમાં ભારત પ્રથમ નંબરે છે. મહારાષ્ટ્ર કપાસના ઉત્પાદનમાં અગ્રસ્થાને આવે છે. એટલે કે ભારતમાં કુલ ઉત્પાદનમાં ૧૮ ટકા જેટલો કપાસ મહારાષ્ટ્રમાં થાય છે. ત્યારબાદ આંધ્રપ્રદેશ ૧૭ ટકા, હરિયાણામાં ૧૪ ટકા કપાસ ઉત્પાદન કરવામાં આવે છે.

**૭) તમાકું : (*Tobacco*)** દુનિયામાં તમાકુના ઉત્પાદનમાં ભારતનું સ્થાન ત્રીજા નંબરનું છે. જેમાં બે પ્રકારની તમાકુનું વાવેતર કરવામાં આવે છે. ૧) નિકોટીનવાળી (***Nicotion 97 %***) ને (૨) નિકોટીન વગરની. (***Nicotine Rhustiva***) આંધ્રપ્રદેશ પ્રથમ સ્થાન છે. જ્યારે બીજા નંબરે ઉત્તરપ્રદેશ અને ત્રીજા નંબરે ગુજરાત આવે છે.

**૮) રબર : (*Rubber*)** વિશ્વમાં રબરના ઉત્પાદનમાં ભારતનો ચોથો ક્રમાંક આવે છે. કેરાલામાં સૌથી વધુ રબરનું ઉત્પાદન થાય છે. ૬૬ ટકા, ત્યરાબદ તાલીલનાડુ-૪ ટકા, અને કર્ણાટકામાં ૨ ટકા જેટલું ઉત્પાદન થાય છે.

**૯) કેરી સફરજન વગેરે : (*Mango, Apple ext.*)** ભારત કેરીના ઉત્પાદનમાં પણ અગ્રિમ સ્થાન ધરાવે છે. કેરીની વિવિધ જાતોમાં અલ્ફાનસો-મહારાષ્ટ્ર, બેન્ગાપાલી-આંધ્રપ્રદેશ, દશેરી-ઉત્તરપ્રદેશ, માઈડાબ(***Maidab***)-બેન્ગાલી, કેરીના ઉત્પાદનમાં અગ્રેસર છે. અરુણાચલ પાઈનએપલ, મહારાષ્ટ્ર લીંબુ અને નારંગી, જમ્મુ કાશ્મીર સફરજન, મહારાષ્ટ્ર-કાજુ અને ડુંગરી, કેરાલા-તેજાના લવીંગ અને તજ, ઉત્તરપ્રદેશ-બટાટા, આંધ્રપ્રદેશ-હળદર અને મેઘાલય-આદુના ઉત્પાદનમાં અગ્રેસર છે.

**૧૦) પશુઉછેર : (*Animal husbandry*)** વિશ્વમાં ભારત સૌથી વધુ પશુઓ ધરાવનારો દેશ છે. પશુપાલનક્ષેત્રે ભારતનો પ્રથમ નંબર આવે છે. ખેતીક્ષેત્રે કુલ ઉત્પાદનમાં ૨૬ ટકા જેટલો ફાળો પશુપાલનક્ષેત્રનો છે.

**ઉપસંહાર:-**

ખેતી એ આપણા દેશના જીવનનો આધાર છે. આપણા-આર્થિક વિકાસની પૂર્વશરત છે તેથી આપણા દેશના આર્થિક વિકાસમાં તેનું વિશિષ્ટ મહત્વ રહેલું છે. જો કે આયોજનકાળ દરમ્યાન સરકારના તમા પ્રકારના પ્રયત્નો હોવા છતાં ખેતવિકાસમાં ધારેલું પરિણામ પ્રાપ્ત કરી શક્યા નથી.એ આપણી કમનસીબી કે બીનકાર્યક્ષમતા ગણાય. જો સરકાર ગ્રામીણ પ્રજાના જીવનધોરણમાં સુધારો કરવા માગતી હોય, સમાજવાદ ઢબની સમાજરચનાનું નિર્માણ કરવા માગતી હોય, બેરોજગારી અને ગરીબાઈના પ્રશ્નને હલ કરવા માગતી હોય તો તેણે ખેતીને અગ્રતાક્રમ આપવો જરૂરી છે. ડૉ. એમ.એસ.સ્વામીનાથનના મત મુજબ ખેતવિકાસની પ્રક્રિયાએ ફક્ત અન્નક્ષેત્રે સ્વાવલંબન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નથી. પરંતુ ઝડપી અને વધુ આર્થિક વિકાસ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા છે. જો કે ઉપરોક્ત રીતે જોઈએ તો ભારતે કેટલીક બાબતમાં સારી એવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલી છે તે બાબતમાં બે મત નથી.

**- સંપાદન : એફ.વાય, એસ.વાય,ટી.વાય./બી.એ.**
**અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ**

ઉંમર વધે તેમ ઉંચાઈ નથી વધતી
પણ અનુભવ વધી શકે છે !
ઉંમર વધે તેમ ભૂખ નથી વધતી
પણ ભાવ વધી શકે છે !
ઉંમર વધે તેમ કાર્યશકિત નથી વધતી
પણ કૃતજ્ઞતા વધી શકે છે !

## અમારામાંથી કંઈક શીખો.

સરોવર : દાન દેવાથી ઈશ્વરે આપેલું ઓછું થવાનું નથી.
સોય : જુદા થયેલા ને હંમેશા ભેગા કરો.
એરણ : સહન કરશો તો જ સખત બનશો.
ફુગ્ગો : ફુલતા જશો તો ફાટી જશો.
ઘડિયાળ : સમય ચુકશો તો કિંમત ઘટી જશે.
અરીસો : જેવા હશો તેવા દેખાશો.
વાદળ : મારી જેમ બીજાને માટે વરસી જતાં શીખો.
તારો : અંધકારમાં આશાં, પ્રકાશં, ગુમાવશો નહી.
પરપોટો : જગતમાં જે જ્યારે ઊંચું માથું કરે છે, ત્યારે તે તુંટી પડે છે.

- રોહીત હીરલ બી.- એસ.વાય.બી.એ

## શિક્ષક

દેશનો સાચો નાગરીક થઈને કામ કરે છે શિક્ષક
અંધારા ઉલેચી દઈને ઓજ ધરે છે શિક્ષક
સારું સીધું જીવન એનું, પ્રેરક બને છે શિક્ષક
એક નવો સંસાર રચીને, પંથ ધરે છે શિક્ષક
ભાષા ઉપર પૂરો કાબું, સત્ય બને છે શિક્ષક
બાળ માનસને સમજી લઈને, વિદ્યા ધરે છે શિક્ષક
પ્રેમથી બોલે, પ્રેમથી ચાલે, પ્રેમ કરે છે શિક્ષક
સૌની દીવાંદાડી થઈને, દિશા ધરે છે શિક્ષક
ચૂંટણી કાર્ય વસ્તી ગણતરી, કામ કરે છે શિક્ષક
સંસારનો હાથ-પગ બનાને વિશ્રામ ધરે છે શિક્ષક
ઋષિ જેવું જીવન એનું, ઘડતર કરે છે શિક્ષક
પુષ્પ જેવો હલતો રળને માહેંક ઘટે છે શિક્ષક
કદી રાધાકૃષ્ણ, કદી ટાગોર, ગોખલે બને છે શિક્ષક
તરુંવર જેવો તપનો રહીને, છાંપા ધરે છે શિક્ષક

- રોહીત હીરલ બી.- એસ.વાય.બી.એ

## સહજ રીતે થાય તે જ કર્તવ્ય

જે પરાણે કરવું પડે છે તે અકર્તવ્ય જ છે. પરંતુ સામાન્ય માનવીની પરિભાષા આનાથી વિપરીત હોય છે. તે કર્તવ્ય તેને કહે છે જે મજબુરીથી - પરાણે કરવું પડે છે. પોતાની માંદી મા ની ખબર કાઢવા જતો માનવી વિચારે છે કે પોતે કર્તવ્યનું પાલન કરવા જઈ રહ્યો છે. તે જ વ્યક્તિ પોતાના પ્રિયપાત્રને જ્યારે મળવા જાય છે ત્યારે પો કર્તવ્ય પાલન કરી રહ્યો છે તેવું તેને લાગતું નથી ! જે મનથી ન થતું હોય, જે હૃદયપૂર્વ ન થતું હોય તેને કર્તવ્ય કહી શકાય ? જબરજસ્તીથી થતા કાર્યથી કોઈને પ્રસન્નતા મળતી નથી. એવું ચોક્કસ માનજો કે સહજ રીતે મા ને મળવા જશો તો તેમાં તમ અને માને બન્નેને આનંદ થશે.... પરાણે ફરજ ખાતર જશો તો કોઈને આનંદ ન થાય.

માટે જ, જે સહજ રીતે થાય, જે કરવું ગમે, જે કરવાથી સુખ ઉપજે તેને જ સા કર્તવ્ય માનજો. જે કરવામાં દંભ જણાય, જે કરવાથી સુખ ન ઉપજે અને જે કરવા કંટાળો આવે તેને કર્તવ્ય ક્યારેય ન માનશો.

# જીવનનો રોજમેળ

તમારી પાસે જે કંઈ આવે તે ઉધાર છે.
તમારી પાસેથી જે કંઈ જાય તે જમા છે.

જન્મ એ શરૂનો સ્ટોક છે.
મૃત્યુ એ આખરનો સ્ટોક છે.

તમારા વિચારો એ તમારી મિલકત છે.
તમારી દષ્ટિ એ તમારું દેવું છે.


જ્ઞાન એ દેવાદાર છે.
ધન એ લેણદાર છે.

તમારું ચારિત્ર્ય એ તમારી મૂડી છે.
તમારું વર્તન એ તમારું રોકાણ છે.

સુખ એ નફો છે.
દુઃખ એ ખોટ છે.

તમારુ મન એ તમારી બેન્કસિલક છે.
તમારુ વલણ એ તમારું ચાલુખાતું છે.


ધીરજ એ વ્યાજ છે.
દાન એ ધર્માદા છે.



વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત આણંદ જિલ્લા-૨ ની આંતર કોલેજ
"બુક રીવ્યુ સ્પર્ધા."




વાંચે ગુજરાત અભિયાન અંતર્ગત આણંદ જિલ્લા-૨ ની આંતર કોલેજ
"બુક રીવ્યુ સ્પર્ધા."



સ્વર્ણિમ ગુજરાત - અંતર્ગત - વકતૃત્વ સ્પર્ધા




સ્વર્ણિમ ગુજરાત - કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા
પ્રા. પી.એસ.પટેલ




સ્વર્ણિમ ગુજરાત - અંતર્ગત -ગીત હરીફાઈ




સ્વયંશિક્ષક દિન - ૨૦૧૦



સ્વયંશિક્ષક દિન - આર્ટ્સ વિભાગના વિદ્યાર્થી અધ્યાપકો



સ્વયંશિક્ષક દિન - સાયન્સ વિભાગના વિદ્યાર્થી અધ્યાપકો



આણંદ જિલ્લા યુવા મહિલા સહકારી શિક્ષણ વર્ગને સંબોધન કરતા
પ્રા. પી.એસ. પટેલ




મહિલા સહકારી શિક્ષણ વર્ગના સમાપન પ્રસંગે સંબોધન કરતા
આણંદ જિલ્લા સહકારી સંઘના ચેરમેન શ્રી જે.ડી.પટેલ



આણંદ જિલ્લા સહકારી સંઘના સંયુક્ત ઉપક્રમે યુવા સહકારી શિક્ષણ
વર્ગને સંબોધન કરતા પ્રિ. વિમલ જોષી



આંતર કોલેજ બોક્સિંગ-ભાઈઓ + બહેનોની સ્પર્ધાનું ઉદ્‌ઘાટન કરતા
ડૉ. રાજુભાઈ ત્રિવેદી, પ્રિ. વિમલ જોષી




આંતર કોલેજ બોક્સિંગ-ભાઈઓ + બહેનોને પ્રોત્સાહીત કરતા
ડૉ. રાજુભાઈ ત્રિવેદી, પ્રિ. વિમલ જોષી તથા પ્રિ. રાજેશ મોદી




" વાંચે ગુજરાત-પુસ્તક પ્રદર્શન " અંતર્ગત કોમર્સ કોલેજ ખાતે પુસ્તક પરિચય / પુસ્તક ખરીદી કરતી આ કોલેજના વિદ્યાર્થીઓ



" વાંચે ગુજરાત-પુસ્તક પ્રદર્શન " અંતર્ગત કોમર્સ કોલેજ ખાતે પુસ્તક પરિચય / પુસ્તક ખરીદી કરતી આ કોલેજની વિદ્યાર્થીનીઓ



વાંચે ગુજરાત- સમૂહ વાંચન કાર્યક્રમ



સોઈલ ટેસ્ટીંગ કાર્યમાં વ્યસ્ત વિદ્યાર્થીઓ અને નિરિક્ષણ કરતા પ્રિ. વિમલ જોષી તથા ડૉ. આર.ટી. જશરાય



સોયલ ટેસ્ટીંગનું કામ કરતા કોલેજના કેમેસ્ટ્રી વિભાગના વિદ્યાર્થીઓ



બોકસીંગ બહેનો સ્પર્ધામાં ચેમ્પયનશીપ પ્રાપ્ત કરતી કોલેજની બહેનો તથા પ્રા. એમ.કે.મંડોરા અને પ્રિ. વિમલ જોષી



બોકસીંગ ભાઈઓ સ્પર્ધામાં ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરતા ભાઈઓ તથા પ્રો. એમ.કે.મંડોરા તથા પ્રિ. વિમલ જોષી



કોલેજમાં મેડિકલ ચેકપ કેમ્પમાં વિદ્યાર્થીઓને તપાસતા ક્રિષ્ના હોસ્પિટલ-કરમસદના ડૉકટરશ્રીઓ



કોલેજમાં મેડિકલ ચેકપ કેમ્પમાં કોલેજની બહેનોને ચેક-અપ અને પૃછા કરતા ડૉ. બહેનો



કોલેજમાં ગરબા હરીફાઈ



કોલેજમાં શરદોત્સવના કાર્યક્રમમાં માતાજીની આરતી ઉતારી ઉદ્‌ઘાટન કરતા પેટલાદ નગરપાલિકાના ચીફ ઓફિસર હેતલબેન પટેલ.



કોલેજમાં શરદોત્સવ કાર્યક્રમમાં ઈનામ પ્રાપ્ત કરનાર બહેનોને સંબોધન કરતા નિર્ણાયક બહેનો

વ્હાલા વાચકમિત્રો,

'ઉત્થાન' ને વિદ્યાર્થીઓના જોમ, ઉત્સાહ, શક્તિ દ્વારા સમાજમાં ઉંચા શિખરોસર કરી તેમના સ્પંદનોને સ્પર્શ કરતા માસિક તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું છે. માસિકમાં લખેલા લેખ, કાવ્યો તથા અન્ય કૃતિઓ કે જે કંઈ તેઓએ સાંભળ્યું છે, વાંચ્યું છે, કે વિચારે છે તેને તેઓ પોતાના શબ્દોમાં વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો છે આ 'ઉત્થાન' માસિક દ્વારા કવિઓ, લેખકો અને સાહિત્યકારોનો ઉછેર કરવાનું કામ થઈ રહ્યું છે. માટે વિદ્યાર્થીઓની જે કાંઈ ભૂલો છે તેને ક્ષમ્ય ગણી તેમને પ્રોત્સાહિત કરશો, તેવી વાચક મિત્રો પાસેથી અપેક્ષા રાખીએ છીએ. વાંચનના અંતે આપના પ્રતિભાવ અમારા સરનામે લખી મોકલાવશો.

- સહતંત્રીશ્રી

(Printed Matter)

BOOK POST

To ____________________

____________________

____________________

____________________

From :-
આચાર્યશ્રી
શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ
સાયન્સ કોલેજ, પેટલાદ.
જિ. આણંદ - ૩૮૮૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬